# મનુષ્યજન્મની દુર્લભતા

કોઈકને કદાચ પ્રશ્ન થાય કે મનુષ્યજન્મ કેવી રીતે દુર્લભ હોઈ શકે? એ તો દેખીતું જ છે કે દુનિયામાં મનુષ્યોની વસ્તી દિવસે દિવસે વધતી જાય છે. પચાસેક વર્ષ પહેલાં પૃથ્વી પરની માનવવસ્તી લગભગ બે અબજની હતી. અત્યારે માનવવસ્તી લગભગ છ અબજે પહોંચી છે અને એકવીસમી સદીના અંતે દસ અબજ કરતાં પણ વધુ માનવવસ્તી હશે એવું અનુમાન માનવવસ્તીના આંકડાશાસ્ત્રીઓ કરે છે. આમ મનુષ્યોની વસ્તી દિવસે દિવસે જો વધતી જતી હોય તો માનવજન્મ દુર્લભ છે એમ કેવી રીતે કહી શકાય? માનવજન્મ વધુ પડતો સુલભ છે એમ જ અત્યારે તો દેખાય છે, કારણ કે આજકાલ તો માણસ થવાને પાત્ર ન હોય એવાં પણ અસંખ્ય માણસો દુનિયામાં જોવા મળે છે.

ઉપરઉપરથી જોનારને મનુષ્યજન્મ સુલભ છે એવું કદાચ લાગવાનો સંભવ છે. પરંતુ સમગ્ર વિશ્વની જીવરાશિનો જો વિચાર કરવામાં આવે તો મનુષ્યજન્મની દુર્લભતા સમજાશે. વળી એ સમજવા માટે પુનર્જન્મના – જન્મજન્માન્તર(Rebirth)ના સિદ્ધાન્તમાં શ્રદ્ધા જોઈશે.

જૈન ધર્મ પ્રમાણે જીવોની ચાર પ્રકારની ગતિ છે : (૧) મનુષ્ય, (૨) તિર્યંચ, (૩) દેવતા અને ૪) નારકી.

આ ચાર પ્રકારની ગતિના જીવો કેટલા પ્રમાણમાં છે તે દર્શાવવા પ્રત્યેક ગતિની બાબતમાં જૈન ધર્મે ગણિતની સંજ્ઞા આપી છે. એ પ્રમાણે મનુષ્યની વસ્તી 'સંખ્યાતા' છે. દેવતા અને નારકીના જીવો 'અસંખ્યાતા' છે અને તિર્યંચગતિના જીવો અનંત છે.

સંખ્યાતા એટલે જેની સંખ્યા ગણી શકાય તે. જૈન ધર્મના ગણિતાનુયોગ પ્રમાણે એકથી ઓગણત્રીસ આંકડા (એકમ – Digit) સુધીની સંખ્યા તે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંખ્યાતા કહેવાય છે. ૩૦ કે તેથી વધુ આંકડાની રકમ એ અસંખ્યાતા કહેવાય છે. થોડે સુધી ગણી શકાય પણ પછી ગણવાનું ફાવે નહિ અને ચોક્કસ આંકડો મળે નહિ એવી સંખ્યાને અસંખ્યાતા કહેવામાં આવે છે. જે સંખ્યા ગણવાનું ફાવે નહિ અને ગણતાં ક્યારેય પાર આવે નહિ તેવી સંખ્યાને અનંત કહેવામાં આવે છે. મનુષ્યની વસ્તી અત્યારે દસ આંકડા જેટલી છે. બાર આંકડા સુધીની રકમ ગણવામાં આવે તો તે ૧૦૦ અબજ કે તેથી વધુ થાય. મનુષ્યની એટલી વસ્તી થાય તો પણ તે સંખ્યાતા કહેવાય. ૧૨ને બદલે ૨૯ આંકડા સુધી મનુષ્યની વસ્તી કદાચ પહોંચે તો પણ તે સંખ્યાતા કહેવાય.

જૈન ધર્મ પ્રમાણે ચાર ગતિના જીવો જ્યાં સુધી પાંચમી ગતિ – મોક્ષગતિ પામતા નથી ત્યાં સુધી એક ગતિમાંથી બીજી ગતિમાં પરિભ્રમણ કર્યા કરે છે. એ પરિભ્રમણના પણ નિયમો છે. 'દંડક પ્રકરણ'માં ચારે ગતિના જીવોની ગતિ અને આગતિ સમજાવી છે અને એક ગતિમાં બીજી ગતિના કયા કયા જીવો આવી શકે અને એ ગતિના જીવો બીજી ગતિઓમાં ક્યાં ક્યાં કેટલે સુધી ઉત્પન્ન થઈ શકે તે વિગતે બતાવ્યું છે. એમાંથી મોટી રૂપરેખા પ્રમાણે જોઈએ તો દેવગતિનો જીવ આયુષ્ય પૂર્ણ કરીને ફરી દેવગતિમાં ઉત્પન્ન થઈ શકતો નથી. તેવી જ રીતે દેવગતિનો જીવ દેવગતિમાંથી સીધો નરકગતિમાં ઉત્પન્ન થઈ શકતો નથી. દેવગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્યગતિમાં કે તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે.

એવી જ રીતે નરકગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને તરત નરકગતિમાં ફરીથી ઉત્પન્ન થઈ શકતા નથી. તેમ તેઓ નરકગતિમાંથી સીધા દેવગતિમાં પણ ઉત્પન્ન થઈ શકતા નથી. નરકગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્યગતિમાં કે તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે.

તિર્યંચગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને ફરીથી તિર્યંચગતિમાં ઉત્પન્ન થઈ શકે છે; મનુષ્યગતિમાં પણ ઉત્પન્ન થઈ શકે છે; તિર્યંચગતિના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો દેવગતિમાં કે નરકગતિમાં જઈ શકે છે. પરંતુ તિર્યંચગતિના જીવો સીધી મોક્ષગતિ પામી શકતા નથી.

મનુષ્યગતિના જીવો આયુષ્ય પૂર્ણ કરીને ફરીથી મનુષ્યજન્મ પ્રાપ્ત કરી શકે છે, અથવા તિર્યંચગતિમાં ઉત્પન્ન થઈ શકે છે, અથવા દેવગતિ કે નરકગતિમાં પણ ઉત્પન્ન થઈ શકે છે. મનુષ્યજનમ એ એક જ એવી ગતિ છે કે જ્યાંથી મોક્ષગતિ પ્રાપ્ત થઈ શકે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુખવૈભવ, અવધિજ્ઞાન, દીર્ઘાયુષ્ય, વૈક્રિયશરીર, આકસ્મિક મૃત્યુનો અભાવ વગેરેની દૃષ્ટિએ દેવગતિ મનુષ્યગતિ કરતાં ચડિયાતી હોવા છતાં મોક્ષપ્રાપ્તિ માત્ર મનુષ્યગતિ દ્વારા જ શક્ય હોવાથી દેવો પણ મનુષ્યગતિ માટે ઝંખે છે એમ કહેવાય છે.

ચારે ગતિમાં મનુષ્યગતિની શ્રેષ્ઠતા દર્શાવતાં 'ઉત્તરાધ્યયનસૂત્ર'માં કહ્યું છે:

माणसत्तं भवे मूलं लाभो देवगइ भवे।
मूलच्छेएण जीवाणं णरगतिरिखत्तणं धुवं।।

[મનુષ્યજન્મ પ્રાપ્ત કરવો એ મૂલ ધનની રક્ષા છે. દેવત્વ પ્રાપ્ત કરવું એ લાભસ્વરૂપ છે અને નરક તથા તિર્યંચગતિમાં જન્મ લેવો તે મૂલ ધન ખોઈ નાખવા બરાબર છે.]

તિર્યંચગતિના જીવો ફરીથી તિર્યંચગતિમાં અનુક્રમે સતત અનેક વાર ઉત્પન્ન થઈ શકે છે, પરંતુ મનુષ્યગતિના જીવો સતત મનુષ્યજન્મ સાત કે આઠ વાર મેળવી શકે છે.

આમ ચારેય ગતિના જીવોના પરિભ્રમણનો વિચાર કરીએ તો દેવ અને નરકગતિના અસંખ્યાતા જીવો અને નિગોદના જીવો સહિત તિર્યંચગતિના તો અનંતાનંત જીવોમાંથી એ જીવોને મનુષ્યગતિમાં સ્થાન મળવું એ ઘણી દુર્લભ વાત છે. મનુષ્યગતિમાં સ્થાન સંખ્યાતા છે અને આવવા ઇચ્છનાર અનંતા છે. આમ જગ્યા કરતાં ઉમેદવારો અનંતગણા છે એ જો લક્ષમાં આવે તો મનુષ્યગતિના સ્થાનની દુર્લભતા સમજાય.

માત્ર વધતી જતી મનુષ્યવસ્તી પ્રત્યે લક્ષ આપવાથી આ દુર્લભતા નહિ સમજાય. સમગ્ર વિશ્વની તમામ જીવરાશિના સતત ચાલતા પરિભ્રમણનું દૃશ્ય આંતરચક્ષુ સમક્ષ જેઓ ખડું કરી શકે તેમને આ દુર્લભતાની પ્રતીતિ થયા વગર રહે નહીં. સમગ્ર વિશ્વની જેટલી માનવવસ્તી અત્યારે છે અને ભવિષ્યમાં કઈ પણ કાળે માનો કે પાંચસો-સાતસો અબજ જેટલી કે તેથી વધારે હશે તો પણ તે માત્ર 'સંખ્યાતા' જ હશે. સમગ્ર વિશ્વની માનવવસ્તી કોઈ પણ કાળે જેટલી હોય છે એથી વધુ જીવો પાણીના એક બિન્દુમાં હોય છે, કારણ કે એ બિન્દુમાં અસંખ્યાતા જીવો હોય છે. એવી જ રીતે હવામાં, પાણીમાં, તેજમાં, વનસ્પતિમાં રહેલા જીવોનો વિચાર કરીએ તો તેની અપેક્ષાએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યની વસ્તીની અલ્પતા અને મનુષ્યજન્મની દુર્લભતા સમજાશે. જૈન ધર્મે તો નિગોદના જીવોની જે વિચારણા કરી છે તે સમજાય તો પણ મનુષ્યજન્મની દુર્લભતાની પ્રતીતિ થાય.

એટલે, અત્યારે મનુષ્યોની વસ્તી વધતી રહી છે તો પણ તે તેના 'સંખ્યાતા'ના માપમાં જ છે. લાખો-કરોડો વર્ષના ભૂતકાળમાં માનવવસ્તી ક્યારેક ક્યારેક વર્તમાન સમય કરતાં પણ વધુ હતી એમ મનાય છે. વર્તમાન સમયમાં મનુષ્યોની વસ્તી વધતી જતી હોય તો અન્ય ગતિના જીવો મનુષ્યજન્મ મેળવવાને વધુ પાત્ર બને છે એમ માનવું રહ્યું. પરંતુ તેમ છતાં સર્વ જીવરાશિની અપેક્ષાએ મનુષ્યજન્મની દુર્લભતા તો સ્વીકારવી જ પડશે.

મનુષ્યજન્મ અત્યંત દુર્લભ છે એ જૈન, હિંદુ કે બૌદ્ધ ધર્મના અનેક ગ્રંથોમાં ભારપૂર્વક દર્શાવવામાં આવ્યું છે. સર્વ જીવોમાં મનુષ્યની શ્રેષ્ઠતા તો દુનિયામાં દરેક ધર્મે જ નહિ, વિજ્ઞાને પણ સ્વીકારી છે.

'ઉત્તરાધ્યયનસૂત્ર'ના ત્રીજા અધ્યયનમાં કહ્યું છે :

**चत्तारि परमंगाणि दुल्लाहाणीह जंतूणो।**
**माणुसत्तं सुई सद्धा, संयमम्मि य वीरियं।।**

[ચાર પરમ વસ્તુઓ જીવને અત્યંત દુર્લભ છે : (૧) મનુષ્યપણું, (૨) ધર્મશ્રવણ, (૩) ધર્મમાં શ્રદ્ધા અને (૪) સંયમમાં વીર્ય અર્થાત્ સંયમ આચરવા માટેની શક્તિ.]

વળી, 'ઉત્તરાધ્યયનસૂત્ર'માં અન્યત્ર કહ્યું છે : माणुस्सं खु सुदुल्लहं। મનુષ્યજન્મ ખરેખર બહુ દુર્લભ છે.

શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે :

**दुर्लभो मानुषो देहो देहिनां क्षणभंगुरः।**
**तत्रापि दुर्लभं मन्ये वैकुंठप्रियदर्शनम्।।**

[મનુષ્યજન્મ મેળવવો એ દુર્લભ છે. વળી મનુષ્યનું શરીર ક્ષણભંગુર છે. એટલે મનુષ્યજન્મ મેળવીને તે દરમિયાન વૈકુંઠમાં પ્રિયજનોનું (ભગવાનના પ્રિય ભક્તોનું) દર્શન કરવું એ તો એથી પણ વધુ દુર્લભ છે.]

વળી, મનુષ્યજન્મ મળ્યો એટલે પ્રાપ્ત કરવા જેવું બધું પ્રાપ્ત થઈ ગયું એવું નથી. મનુષ્યજન્મમાં મોક્ષગતિની દૃષ્ટિએ પ્રાપ્ત કરવાયોગ્ય બીજી વસ્તુઓ મળવી પણ દુર્લભ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'સ્થાનાંગસૂત્ર'માં કહ્યું છે :

**छठाणाइं सव्वजीवाणं सुलभाइं भवंति – तं जहा –**

**माणुस्सए भवे, आरिए खित्ते जम्मे, सुकुले पच्चायाति,**

**केवली पन्नतस्स, धम्मस्स सवंणया, सुयस्स वा सद्दहणया,**

**सद्दहियस्स वा पत्तियस्स वा रोइयस्स वा सम्मं काएणं कासणया।।**

[સર્વ જીવોને માટે છ વસ્તુઓ દુર્લભ છે : (૧) મનુષ્યભવ, (૨) આર્યક્ષેત્ર, (૩) ઉત્તમ કુળમાં જન્મ, (૪) કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ, (૫) શ્રવણ કરેલા એ ધર્મ ઉપર શ્રદ્ધા અને (૬) શ્રદ્ધા કરેલા, પ્રતીતિ કરેલા, રુચિ કરેલા ધર્મ પ્રમાણે આચરણ.]

શંકરાચાર્યે પણ કહ્યું છે :

**दुर्लभं त्रयमेवेतद् देवानुग्रहहेतुकम्।**

**मनुष्यत्त्वं मुमुक्षत्त्वं महापुरुष संश्रयः।।**

[મનુષ્યપણું, મુમુક્ષત્વં (એટલે મોક્ષ મેળવવાની ભાવના) અને મહાપુરુષોની સંગતિ – એ ત્રણ દુર્લભ છે અને દેવોની કૃપા હોય, પુણ્યોદય હોય તો જ મળી શકે એમ છે.]

મનુષ્યજન્મની દુર્લભતા દર્શાવતાં વળી અન્યત્ર કહેવાયું છે :

**एवं भ्रमतः संसारसागरे दुर्लभं मनुष्यत्वम्।**

**संसारमहत्त्वाधार्मिकत्वदुष्कर्मबाहुल्यैः।।**

[સંસાર ઘણો મોટો હોવાથી, વળી તેમાં ઘણી અધાર્મિકતા અને દુષ્કર્મોની બહુલતા હોવાથી, સંસારરૂપી સાગરમાં ભ્રમણ કરતા જીવને મનુષ્યપણું મેળવવું અત્યંત દુર્લભ છે.]

**ननु पुनरिदमतिदुर्लभमगाधसंसारजलधिविभ्रष्टम्।**

**मानुष्यं खद्योतकतडिल्लताविलसित प्रतिमम्।।**

[આગિયા અને વીજળીના પ્રકાશ જેવો અત્યંત ચંચલ આ મનુષ્યભવ અગાધ સંસારરૂપી સમુદ્રમાં જો સરી પડશે તો ફરીથી પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે.]

આમ, મનુષ્યગતિની દુર્લભતા અને શ્રેષ્ઠતા શાસ્ત્રકારોએ સમજાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જીવનું પરમ લક્ષ્ય તે સંસારપરિભ્રમણમાંથી મુક્તિ છે અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ છે. કેવળજ્ઞાન વગર મોક્ષ નથી. કેવળજ્ઞાન માત્ર મનુષ્યગતિમાં જ શક્ય છે. મનુષ્યગતિ ઉપરાંત બીજી ગતિમાં કેવળજ્ઞાન હોય તો બીજી ગતિના જીવો પણ મનુષ્યગતિ જેવી તુલ્યતા ધરાવી શકે, અને મનુષ્યગતિનું તો પછી બહુ મહત્ત્વ ન રહે. પણ અન્ય ગતિમાં વધુમાં વધુ પ્રથમનાં ત્રણ જ્ઞાન – મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે. મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન માત્ર મનુષ્યગતિમાં જ છે. માટે જ મનુષ્યગતિને મુક્તિના દ્વાર તરીકે ઓળખાવવામાં આવે છે.

કેવળજ્ઞાન ફક્ત મનુષ્યગતિમાં જ શા માટે? કારણ કે ઘાતી કર્મોના ક્ષય વિના કેવળજ્ઞાન થાય નહિ અને ઘાતી કર્મોના ક્ષય માટે મહાન ઔષધિરૂપ સર્વવિરતિ (દ્રવ્યથી અને ભાવથી) માત્ર મનુષ્યોને જ હોય છે. દેવતા અને નારકી અવિરતિ હોય છે. તિર્યંચગતિના જીવોને દેશવિરતિ સંભવી શકે છે, પણ સર્વવિરતિ હોતી નથી. એટલે કેવળજ્ઞાન માત્ર મનુષ્યગતિમાં જ છે.

વળી શરીરના ઔદારિક, તેજસ, કાર્મણ અને આહારક જેવા પ્રકારો બતાવવામાં આવ્યા છે. તેમાં માત્ર મનુષ્યના ઔદારિક શરીરમાં વજ્રઋષભનારાચ સંઘયણ, કુંડલિની શક્તિ, મૂલાધાર વગેરે સૂક્ષ્મ શક્તિચક્રો તથા ઉત્કૃષ્ટ ચિત્તશક્તિ ઇત્યાદિ રહેલાં છે, જે આત્મશક્તિને સ્ફુરાયમાન કરી ઘાતી કર્મોનો ક્ષય કરવામાં સહાયરૂપ બને છે. તિર્યંચગતિના ઔદારિક શરીરમાં આ પ્રકારની શક્તિ હોતી નથી. દેવતા અને નારકીને ઔદારિક શરીર હોતાં નથી.

તદુપરાંત આહાર, ભય, મૈથુન, પરિગ્રહ વગેરે સામાન્ય સંજ્ઞાઓ બધી ગતિના જીવોને હોય છે અને તે કર્મ બંધાવે છે. દીર્ઘકાલિકી સંજ્ઞા એટલે કે લાંબા ભૂતકાળ વિશે અથવા લાંબા ભવિષ્યકાળ વિશે સ્મૃતિ, કલ્પના, તર્ક વગેરે દ્વારા વિચારવાની શક્તિ દેવતા, નારકી અને મનુષ્યને હોય છે. તિર્યંચગતિના અસંજ્ઞી જીવોને એ સંજ્ઞા હોતી નથી. પરંતુ દેવોને પુણ્ય ભોગવવાનું હોય છે. દેવો તીર્થંકર પરમાત્માનું સમોવસરણ રચી શકે, જિનેશ્વર ભગવાનની ભક્તિ કરી શકે, પણ દીર્ઘકાલિકી સંજ્ઞાનો ઉપયોગ કરીને પોતાના ભૂતકાળનાં ભારે કર્મોનો ક્ષય ન કરી શકે. નારકીના જીવોને સતત દુઃખ ભોગવવાનું હોય છે. સુખદુઃખ શું છે તે તેઓ સમજી શકે છે, વિચારી શકે છે, વચનયોગથી તે વ્યક્ત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ કરી શકે છે, પરંતુ તેમની પાસે કર્મક્ષય માટે જરૂરી એવો ધર્મ અને મોક્ષનો પુરુષાર્થ નથી.

મનુષ્ય પાસે દીર્ઘકાલિકી સંજ્ઞા છે. તે લાંબા ભૂતકાળનો, પૂર્વના ભવોનો પણ વિચાર કરીને, કરેલી ભૂલો માટે પશ્ચાત્તાપ કરી શકે છે, પ્રાયશ્ચિત્ત લઈ શકે છે. તેવા દોષો ભવિષ્યમાં ન થાય તે માટે સંકલ્પ, પ્રતિજ્ઞા, પચ્ચખ્ખાણ કરી તે પ્રમાણે વર્તી શકે છે, ત્યાગસંયમ ધારણ કરી શકે છે. મનુષ્ય સ્વેચ્છાએ ભૌતિક સુખ છોડી દઈ શકે છે અને સ્વેચ્છાએ કષ્ટ, દુઃખ ભોગવી શકે છે, તપશ્ચર્યા કરી શકે છે. સંવર અને નિર્જરા માટે મનુષ્યગતિમાં જ પૂરો અવકાશ છે. એટલે દીર્ઘકાલિકી સંજ્ઞા અને દૃષ્ટિવાદોપદેશિકી (દ્વાદશીના જ્ઞાનની) સંજ્ઞા દ્વારા માત્ર મનુષ્યગતિમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે.

આવો દુર્લભ મનુષ્યજન્મ પરિભ્રમણશીલ જીવને મળે કઈ રીતે? આગમગ્રંથોમાં મનુષ્યગતિ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે દર્શાવતાં કહ્યું છે :

**चउहिं ठाणहिं जीवा मणुसत्ताए कम्मं पगरेंति तं जहा-**

**पगइभद्रभयाए, पगइविणीययाए साणुक्कोसयाए अमच्छरियाए।**

('સ્થાનાંગસૂત્ર')

[ચાર કારણોથી જીવ મનુષ્યગતિનું આયુષ્ય બાંધે છે : (૧) સરળ પ્રકૃતિથી, (૨) વિનીત પ્રકૃતિથી, (૩) દયાભાવથી અને (૪) મત્સરના અભાવથી.]

**कम्माणं तु पहाणाए, आणुपुव्वीं कयाइउ।**

**जीवा सोहिमणप्पत्ता आययंति मणुस्सयं।।**

('ઉત્તરાધ્યયનસૂત્ર')

અનુક્રમે કર્મોનો ક્ષય કરતાં કરતાં શુદ્ધિને પ્રાપ્ત કરીને જીવો ઘણા દીર્ઘ કાળ પછી મનુષ્યજન્મ પ્રાપ્ત કરે છે.

'ધર્મકલ્પદ્રુમ'માં કહ્યું છે :

**अनुलोमो विनीतश्च दयादानरुचिर्मृदुः।**

**सहर्षो मध्यदर्शी च मनुष्यादागतो नरः।।**

[જે બધાંની સાથે અનુકૂળ થઈને રહેતો હોય. વિનયવાન હોય, દયા અને દાનને વિશે રુચિવાળો હોય, સ્વભાવે કોમળ હોય, હર્ષવાળો હોય અને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મધ્યમ દૃષ્ટિવાળો હોય તે માણસ મનુષ્યગતિમાંથી આવેલો છે એમ જાણવું.]

निर्दम्भः सदयो दानी दान्तो दक्षः सदा मृदुः।

साधुसेवी जनोत्साही, भावी चात्र नरः पुनः।।

[જે હંમેશાં નિર્દંભ, દયાળુ, દાતાર, ઇન્દ્રિયોનું દમન કરનાર, દક્ષ, મૃદુ, સાધુ-સંતોની સેવા કરનાર અને અન્ય મનુષ્યોને ઉત્સાહ આપનાર હોય તે મનુષ્ય સંસારમાં ફરીથી મનુષ્યપણું પામે છે.]

'વિવેકવિલાસ'માં એ જ પ્રમાણે થોડા શબ્દફેરે કહેવાયું છે :

निर्दम्भः सदयो दानी दान्तो दक्षः ऋजुः सदा।

मर्त्ययोनिसमुद्भूतो भवी तत्र पुनः पुमान्।।

[જે મનુષ્ય હંમેશાં નિર્દંભ હોય, દયાળુ હોય, દાન આપવાવાળો હોય, ઇન્દ્રિયો ઉપર સંયમ રાખનાર હોય, ડાહ્યો અને સરળ હોય તે મનુષ્યયોનિમાંથી આવેલો હોય છે અને ફરીથી પાછો મનુષ્યગતિમાં જાય છે.]

જૈન પરંપરામાં મનુષ્યજન્મ દસ દૃષ્ટાન્તે દુર્લભ કહેવાય છે.

'ઉત્તરાધ્યયન'ની નિર્યુક્તિમાં લખ્યું છે :

चुल्लगपासगधन्ने जुए रयणे य सुमिणचक्के य।

चम्मजुगे परमाणु दस दिट्ठंता मणुयलंभे।।

મનુષ્યજન્મની દુર્લભતા બતાવવા માટે (૧) ચૂલો, (૨) પાશક, (૩) ધાન્ય, (૪) દ્યૂત, (૫) રત્ન, (૬) સ્વપ્ન, (૭) ચક્ર, (૮) ચર્મ, (૯) યુગ (ધૂંસરું) અને (૧૦) પરમાણુ – એમ દસ દૃષ્ટાંત આપવામાં આવ્યાં છે. એ દરેક દૃષ્ટાંતમાં વાસ્તવિક રીતે લગભગ અશક્ય કે અસંભવિત વસ્તુની વાત બતાવવામાં આવી છે અને સમજાવ્યું છે કે એવી વસ્તુ પણ ક્યારેક શક્ય કે સંભવિત બને છે, પણ મનુષ્યગતિમાં જન્મ મેળવવો એટલો સુલભ નથી.

આ દસ દૃષ્ટાંતો સંક્ષેપમાં નીચે પ્રમાણે છે :

**(૧) ચૂલો :** બ્રહ્મદત્ત નામનો ચક્રવર્તી રાજા કોઈ એક બ્રાહ્મણ પર ખુશ થયો અને એને કંઈક માગવાનું કહ્યું. બ્રાહ્મણે માગ્યું, 'આખા રાજ્યમાં જેટલા ઘરે ચૂલા છે તે દરેક ઘરની રસોઈ રોજ એક દિવસ મને ખાવા મળો.' રાજાએ એની એ માગણી મંજૂર રાખી અને પોતાના ઘેરથી જ શરૂઆત કરી. ચક્રવર્તી રાજાના ઘરના ચૂલાની રસોઈ ખાઈને બ્રાહ્મણને એટલો આનંદ અને એટલી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃપ્તિ થઈ કે બીજી વાર રાજાને ઘેર ખાવાનું એને મન થઈ ગયું. પણ હવે તો છ ખંડના આખા રાજ્યના બધે ઘેર એકએક દિવસ એ ખાઈ લે ત્યારપછી રાજાને ઘેર ફરી એનો વારો આવે, પણ ત્યાં સુધી એ જીવે એવો સંભવ જ નહોતો. તેમ છતાં કદાચ રાજાને ઘેર બીજી વાર જમવાની એને તક મળે એ શક્ય છે. પણ માનવજન્મ મેળવવો એ એટલી સહેલી વાત નથી.

**(૨) પાસો :** ચાણક્યની પાસે દેવતાઈ સિદ્ધિના પ્રતાપે એવી વિદ્યા હતી કે જે વડે દ્યૂતમાં કેવા પાસા પડવાના છે એની એને ખબર પડી જતી અને એ હંમેશાં જીતી જતો. એટલે એનો હરીફ કોઈ દિવસ જીતી શકતો જ નહિ. તેમ છતાં એ વિદ્યાનો પ્રભાવ ઘટી જતાં કોઈક વખત ચાણક્ય હારી પણ જાય, પણ તે તો લગભગ અશક્ય જ. માનવજન્મ પણ એવો જ દુર્લભ છે.

**(૩) ધાન્ય :** આખા ભારતવર્ષના બધા ચોખાનો એક જબરદસ્ત મોટો ઢગલો કરવામાં આવે અને એમાં એક શેર સરસવના દાણા નાખીને હલાવી નાખવામાં આવે. ત્યારપછી એક ડોશીમાને એમાંથી સરસવના બધા દાણા જુદા કાઢી એકઠા કરી આપવાનું કહે તો તે શક્ય નથી; પણ કદાચ કોઈક વખત એ શક્ય બને. પણ માનવભવ એટલી સહેલાઈથી મળવો શક્ય નથી.

**(૪) દ્યૂત :** એક રાજ્યસભાના ૧૦૮ સ્તંભો છે અને દરેક સ્તંભને ૧૦૮ ખૂણા છે. એ રીતે જેટલા ખૂણા થાય એટલી વાર, એક પણ વખત હાર્યા વિના, કંઈ પણ ઠગાઈ કે વિદ્યા વગર જુગારમાં જીતવું શક્ય તો નથી જ. છતાં પણ ક્યારેક એ શક્ય બને. પણ માનવજન્મ એટલો સહેલો નથી.

**(૫) રત્ન :** કોઈ એક ધનાઢ્ય વેપારી બહારગામ ગયો. દરમ્યાન એના પુત્રે એનાં અનેક કીમતી રત્નો વેચી ખાધાં. એકની પાસેથી બીજા પાસે જતાં અને એમ કરતાં કરતાં જુદા જુદા માણસો મારફત ફરતાં ફરતાં એ રત્નો આખા દેશમાં ફેલાઈ ગયાં. ઘણે વર્ષે પાછા ફરેલા એ વેપારીને એની ખબર પડી. પરંતુ હવે બધાં જ રત્નો પાછાં મેળવવાં એને માટે અશક્ય છે. છતાં એ કદાચ જેટલી સહેલાઈથી શક્ય બને એટલી સહેલાઈથી માનવજન્મ મળવો શક્ય ન બને.

**(૬) સ્વપ્ન :** મૂળદેવ નામના એક જુગારીને સ્વપ્ન આવ્યું કે પોતે ચંદ્રને ગળી ગયો. ત્યારપછી સાતમે દિવસે એને થોડા સમય માટે રાજ્ય મળ્યું. પણ એનું એ સ્વપ્ન એને ફરી આવે અને ફરી એને સાતમે દિવસે રાજ્ય મળે એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શક્ય નથી, છથાં પણ ક્યારેક એ શક્ય બને. પણ માનવજન્મ એટલો સહેલો નથી.

**(૭) ચર્મ :** એક લાખ જોજન પહોળા સરોવર પર ચામડા જેવી સેવાળ જામી છે. અંદર એક કાચબો સપરિવાર રહે છે. એક દિવસ પવનથી સેવાળમાં છિદ્ર પડ્યું. બરાબર એ વખતે કાચબો ત્યાં હતો. છિદ્રમાંથી જોતાં કાચબાને શરદપૂર્ણિમાના ચંદ્રનો ઉદય દેખાયો. પોતાના પરિવારને એ બતાવવાનું કાચબાને મન થયું. પણ એ પોતાના પરિવારને સરોવરમાંથી શોધી લાવીને આવે, બરાબર તે વખતે પવનથી સેવાળમાં ફરી છિદ્ર પડે અને બરાબર તે વખતે શરદપૂર્ણિમાના ચંદ્રનો ઉદય હોય એ શક્ય નથી. છતાં કોઈક વાર એ શક્ય બને, પણ માનવજન્મ એટલો સહેલો નથી.

**(૮) ચક્ર :** આમાં રાધાવેધનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે. રાધા નામની એક પૂતળીની આંખ નીચે આઠ ચક્રો ઊલટાસૂલટી ફરતાં હોય છે. એ ચક્રો બરાબર અમુક રીતે આવે ત્યારે ક્ષણ માત્રને માટે રાધાની આંખ દેખાય. ધનુર્વિદ્યાના જાણકાર તેલની કઢાઈમાં પ્રતિબિમ્બ જોઈ ઉપર બાણ એવી રીતે છોડે કે જે પેલાં આઠે ચક્રોમાંથી પસાર થઈ રાધાની આંખ વીંધે; એને રાધાવેધ કહે છે. એવો રાધાવેધ બહુ જ ગણતરીવાળા તથા પૂરેપૂરી ચોકસાઈવાળા માણસથી પણ ક્યારેક જ સિદ્ધ થાય. પણ માનવભવ તો એથી પણ વધારે દુર્લભ છે.

**(૯) યુગ :** બે લાખ જોજન જેટલા વિશાળ સમુદ્રમાં એક કિનારે ગાડાનું ધૂંસરું અને સામે કિનારે એમાં ભરાવવાનું સમોળ (ઊભું લાકડું) નાખવામાં આવે. એ સમોળ આપમેળે ખસતું આવી ધૂંસરામાં ભરાઈ જાય એવું બને જ નહિ, છતાં ક્યારેક એ શક્ય બને, પણ માનવભવ એટલી સહેલાઈથી મળે નહિ.

**(૧૦) પરમાણુ :** એક વિશાળ સ્તંભનો ચૂરો કરી પહાડ પરથી ઉડાડવામાં આવે. પછી એ બધો જ ચૂરો ભેગો કરી આપવાનું કહેવામાં આવે તો તે અશક્ય છે, પરંતુ કદાચ કોઈ કાળે એ શક્ય બને, પણ માનવભવ એટલી સહેલાઈથી મળે નહિ.

આમ, મનુષ્યજન્મની દુર્લભતા વિવિધ રીતે, વિવિધ દૃષ્ટાંતથી સમજાવવામાં આવી છે. તેમ છતાં ઘણાંને તેની પ્રતીતિ થતી નથી કે તે વાતમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રદ્ધા બેસતી નથી. સાવ નિર્ધન માણસને ધન મેળવવા માટે જે પરિશ્રમ કરવો પડે અને એને ધનની દુર્લભતા જેટલી સમજાય તેટલી દુર્લભતા ગર્ભશ્રીમંત માણસને ન સમજાય. તેવી જ રીતે આપણને મનુષ્યજન્મ પ્રાપ્ત થઈ ગયો છે માટે તેની દુર્લભતા આપણને સમજાતી નથી. અન્ય ગતિમાં કોઈનો જીવ હોય અને મનુષ્યજન્મ મેળવવા માટે તેનો પુરુષાર્થ ચાલતો હોય ત્યારે મનુષ્યગતિમાં સ્થાન મેળવવાનું કેટલું બધું દુર્લભ છે તે સમજાય. અકામ નિર્જરા અને પુણ્યના યોગે મનુષ્યજન્મ મેળવવામાં ક્યારેક તો અનંતકાળ વીતી જાય અથવા અનંત પુદ્ગલ પરાવર્તન જેટલો કાળ પણ વીતી જાય. મનુષ્યજન્મની દુર્લભતા આ દૃષ્ટિએ સમજવાની છે.

દસ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્યજન્મ પ્રાપ્ત થયો એટલે બધું જ પામી ચૂક્યા એવું નથી. મનુષ્યજન્મ પ્રાપ્ત થવા છતાં સંસારમાં કેટલાયે જીવો તિર્યંચગતિના જીવો જેવું, ભાર વહન કરનાર બળદ કે ઘોડા જેવું કે બધેથી હડધૂત થનાર કૂતરા જેવું આખું જીવન વિતાવે છે.

મનુષ્યજન્મ મળવા છતાં કેટલાય જીવો જન્મથી અપંગપણાને લીધે, ગાંડપણને લીધે તિર્યંચ કે નરકગતિના જીવો જેવું દુઃખ વેઠે છે. એટલે દુર્લભ મનુષ્યજન્મની પ્રાપ્તિ થઈ હોય તો તેને સાર્થક કરી ધર્મનું આલંબન લઈ મોક્ષ માટેનો પુરુષાર્થ કરવામાં એ જન્મનો ઉપયોગ કરવો એ તો એથીય વધુ દુર્લભ છે.

જયશેખરસૂરિએ 'ઉપદેશચિંતામણિ'માં કહ્યું છે :

**दशहिं उदाहरणेहिं दुलहं मणुयत्तणं जहा भणियम्।**
**तह जाईकुलाईणिवि दस दिट्ठंतेहिं दुलहाइं।।**

[જેમ મનુષ્યભવ દસ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે તેવી જ રીતે જાતિ, કુલ વગેરે પણ એ દસ દૃષ્ટાન્ત પ્રમાણે દુર્લભ જાણવાં.]

આવો દુર્લભ મનુષ્યજન્મ મળ્યા પછી અનેક મનુષ્યો તેને વ્યર્થ ગુમાવી દે છે. 'સિન્દૂરપ્રકરણ'માં આવા અજ્ઞાની માણસોની સરસ અને સચોટ સરખામણી કરી છે. જુઓ :

**स्वर्णस्थाले क्षिपति स रजः पाद शौचं विधत्ते।**
**पीयूषेण प्रवरकरिणं वाहयत्येन्धभारम्।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चिन्तारत्नं विकरति कराद् वायसोड्डायनार्थं,

यो दुष्प्राप्यं गमयति मुधा मर्त्यजन्म प्रमत्तः ।।

[જે માણસ પ્રમાદને વશ થઈ દુષ્પ્રાપ્ય એવા મનુષ્યજન્મને વ્યર્થ ગુમાવી દે છે તે અજ્ઞાની માણસ સોનાની થાળીમાં માટી ભરી રહ્યો છે, અમૃતથી પગ ધોઈ રહ્યો છે, શ્રેષ્ઠ હાથી ઉપર લાકડાનો ભારો ભરી રહ્યો છે અને ચિંતામણિરત્ન કાગડાને ઉડાડવા માટે ફેંકી રહ્યો છે.]

માટે જ કહ્યું છે :

दुर्लभं प्राप्य मानुष्यं, हारयध्वं मुधैव मा।

(પાર્શ્વચરિત્ર)

[દુર્લભ મનુષ્યજન્મ મેળવીને એને વ્યર્થ ગુમાવી ન દેશો.]

વળી કહેવાયું છે :

दुल्लहं माणुस्सं जन्मं लद्धूण रोहणं व शेरेण।

रयणं व धम्मरयणं बुद्धिमया हंदि वित्तव्वं।।

[જેમ દરિદ્ર માણસ રોહણાચલ પર પહોંચીને રત્ન મેળવે છે તેમ દુર્લભ એવો મનુષ્યજન્મ પામીને બુદ્ધિમાન જીવોએ ધર્મરત્નને ગ્રહણ કરી લેવું જોઈએ.]

શ્રી લક્ષ્મીસૂરિએ 'ઉપદેશપ્રાસાદ'માં કહ્યું છે :

यः प्राप्य मानुषं जन्मं दुर्लभं भवकोटिभिः।

धर्मं शर्मकरं कुर्यात् सफलं तस्य जीवितम्।।

[કરોડો ભવ કરવા છતાં પણ જે પામી નથી શકાતો એવો દુર્લભ મનુષ્યભવ પામીને જે જીવ કલ્યાણધર્મ આચરે છે તેનું જીવન સફળ થાય છે.]

મનુષ્યજન્મ પ્રાપ્ત થયા પછી મનુષ્યગતિની દુર્લભતા પોતાને સમજાય અને ધર્મતત્ત્વમાં શ્રદ્ધા બેસે અને મોક્ષગતિની દુર્લભતા સમજાય એ પણ અત્યંત દુર્લભ વાત છે.

અંધશ્રદ્ધા કે ગતાનુગતિક શ્રદ્ધા ઘણી વ્યાપક હોય છે, પરંતુ તત્ત્વ-નિશ્ચયરૂપ સાચી શ્રદ્ધા ઘણી દુર્લભ છે એટલે જ ભગવાન મહાવીરે કહ્યું છે કે सद्धा परम दुल्लहा।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org